वंदेमातरम्ः

ત દેશમાન્ય તીલક મહારાજના

તથા નવરાત્રીના ગરબા.

રચનાર તથા છપાવી પ્રસીધ કરનાર

જગજીવનદાસ જેરામજી.

સ્વદેશ હિતચિંતક.

સુરત

મહીધરપુરા—જદાખાડી.

પ્રત ૨૦૦૦

" અંકુશ " મુદ્રણાલય—

કી-

માર્કંડય શંકરનું વરદાન પામે



॥ ગુજરાતી [illegible] ॥

દેશભક્ત શ્રીયુત તીલક મહારાજ

કિર્તી સ્મર્ણાર્થે

નવરાત્રીમાં ગાવાના ગરબા.

સાખ.

સરસ્વતી માને વિનવું, ગણપત લાગું પાય ;
ગરબો ગાઈએ સૌ મળી, તીલકના મહીમાય.

ચાલી

વટ સાવીત્રી વ્રત આજ પુરણ કરીએરે—એ રાગ.

પૃથ્વી મધ્યે પ્રખ્યાત, પુના આજેછે ;
ગંગાધર જેવા તાત, જ્યાં બીરાજેછે.
પારવતી જેની નાર, જગમાં દેવીછે ;
જગદંબાનો અવતાર, પુંજવા જેવીછે.
જેણે ઉત્તમ આપ્યો તન, ગણપત જેવોરે ;

પુંજાયો પૃથ્વી માંહ્ય, સરતે એકરેરે.
ભુતળમાં જેના ભાગ્ય, તે તન પામેરે;
જેને પ્રસન્ન દેવી વાગ્ય, દુઃખડાં વામેરે.

રાગ ઉપર ધીરેથી ગાવો.

તીલકે તપસ્યા સાચી કરીછે,
દેશની દાજ તે દીલે ધરીછે,
અંતર વૃત્તિ સ્થિર કરીછે,
બ્રહ્માની પુત્રી શું એને વરીછે?

સાખી.

શારદ તુજ પાસે વસી, સદા થઇને દાસ:
તીલક તારા નામનો, કદી થશે નહીં નાસ.—પૃથ્વીમાં—૧

શંકરને શીસ ગંગા બીરાજે,
તીલકને શીર દુઃખડાં ગાજે,
શંકરે સાસ્યું ભાગીરથી કાજે,
તીલકે સાસ્યું તે દેશની દાજે.

સાખી

હીરા આખા હીંદમાં, હોય લાખ કે ક્રોડ;
પણ તીલક ભાનુતણી, જગમાં નમળે જોડ—પૃથ્વીમાં—૨

ચાલ

ભારત ભુમીમાં પ્રગટ્યો છે ભાનું,
તીલક નામનું સ્તેજ છે ભાનું,
કિર્તીનું કીરણ ફેલા રહ્યું છાનું,
તીલકને તેથી માનું હું ભાનું,

સાખી

પ્રતાપવંત તું પ્રગટીઓ, પૃથ્વીમાં પ્રખ્યાત,
ધનધન તારા જન્મને, ધન્ય માત તુજ તાત—પૃથ્વીમાં—૩

ચાલ

સૃષ્ટિ વિશે સાચો સુર ગણાયો,
ભારત ભુમીમાં પ્રગટ પુંજાયો,
દેશની દાઝમાં દેવ જણાયો,
કિર્તીનો ડંકો તેં ખૂબ વગાડ્યો.

સાખી

અસંખ્ય તારા આભમાં, અચળ ધ્રુવનો એક,
મર્ણું શરણુ થાતાં કદી, તજ્યો ન તીલક ટેક,

ચાલ

ભાનુ અગાડી શું ધ્રુવનો તારો,
હોય કદાપી ભલે જો હજારો;
તેથી શું આપે પ્રકાશ તે સારો,
આખર તારો તે તારો રહેનારો

સાખી

ઉજ્જૈનમાં વિક્રમ થયો, દેવાંશી દાતાર:
(તેવો) તું પુનામાં પ્રગટિઓ, વિક્રમનો અવતાર.- પૃથ્વીમાં ૫

લાહોર મધ્યે લાલાજી બીરાજે,
બીપીન બંધુ બંગાળામાં ગાજે;
દન્ત જેવા દેવ છતમાંહ્ય છાજે,
દાદા જેવો કોણ દુઃખથી દાઝે.

સાખી

પાંચે પાંડવ પાકીઆ, લાલ બાળને પાલ;
દાદા દાદાભાઇને, દીલનો દન્ત દયાલ.—પૃથ્વીમાં ૬

ત્રીલોકમાં તપ કીધું છે ભારી,
પ્રગટ થયા દેવ કોઈ અવતારી;
ભારતી ભ્રાતના કષ્ટ નિહાળી,
હિત ચાહ્યું દઢ હેતની વાળી.

સાખી.

આશિષ આપું એટલી થાજો વૈકુંઠ વાસ;
અમર રહો અવનિ વિષે, કહે જગજીવનદાસ.
પુરો કીધો પ્રેમથી, ગાવા જગની કાજ
ખામી ખોડ સુધારજો, તમ હાથે મુજ લાજ—પૃથ્વીમાં ૭

ગીરધારીરે વાત કહું છું વિચારો એ રાગ.

અવિનાશીરે હિંદને સીદ ઉકળાવો, દેશ ભકતોને શું તાવો?
તમ દાસીરે આજ કરે છે દાવો, દિનબંધુ તમે શીદ કહાવો?
તન તાજાં સીદ તપાવોરે
સીદ સુત સુતાને સતાવોરે
શું ગુનો પડયો દરસાવોરે
સીદ કાયાને કંપાવોરે
ધરણી ધરરે હાડ હવે ન ધીકાવો દેશ ભકતોને સું તાવો
અવિનાશીરે હિંદને શીદ ઉકળાવો, દેશ ભકતોને શું તાવો ૧
અતી કષ્ટ અમો શીર ગાજેરે
કેમ ટટકે કીડી પર ખાજેરે
દુઃખ કહેતાં હૈયું દાઝેરે
[illegible]
સુંદરજીરે, ભુલ્યાને ન ભમાવો, દેશ ભકતોને શું તાવો
અવિનાશીરે, હિંદને શીદ ઉકળાવો, દેશ ભકતને સું તાવો ૨
શું દુઃખનું કહું કાજુરે

શું લુંટી તમારૂં લીધું રે,
શું વાંકુ વેણુ કંઇ કીધું રે
શું સુધા તમારૂં પીધું રે.
રસીયાજીરે શાક વિના સું રીસાવો, દેશ ભકતોને શું તાવો?
અવિનાશીરે હિંદનેશીદ હંફાવો, દેશભકતોને શું તાવો?-૩
આવનમાં મરકી મુકીરે
હિંદ ઉઠ્યું હાંક ફુકીરે
નર નાઠા નારી મુકીરે
થઇ ભારત ફેરા ભુકીરે
છબીલાજીરે છપનીઓ બોલાવ્યો, મરકી સાથે પરણાવ્યો,
નહીં છુટેરે છબીલા આપ છોડાવો, હવે દીલ દયા ઉપજાવો—અવનાશી-૪
કંઇ રંક ગયા ઘર છોડીરે,
નરનારી સગપણ તોડીરે,
બહુ ચાલી દોડા દોડીરે,
કોઇ પાસ રહી નહીં કોડીરે,
વનમાળીરે વિષના રોપ નવાવો, નહીં વુંદા માફક હાવો,
હડહડતીરે હોળી શું પ્રગટાવો. હવે દીલ દયા ઉપજાવો—અવનાશીરે-૫
આજે વર્ષ થયા છે ચારરે,
મરકી સાથે વહેવારરે,
દુકાળ તણા પોકારરે,
ખુબ ભારત થાય ખુવારરે,
કમળા પતીરે ખુબ પેઠા છે બાવો, પ્રભુ બળતા બાળ બચાવો,

નથી આરેરે સાંતી મેહ વરસાવો. હવે દીલ દયા ઉપજાવો—અવીનાશી–૬

મોટાના માન ઘવાર્યારે.
મોટા કરીને તેં માર્યારે.
તેં વેર ખરાં હરી વાળ્યાંરે.
બંધીખાને પણ બાળ્યાંરે.

વીઠલજીરે વ્હાલ લગારેક લાવો, શું બાળકને સમજાવો,
નથી ઘટતુરે લોહ ચાણા ચવરાવો, હવે દીલ દયા ઉપજાવો-અવીનાશી–૭

અમ માટે દેહે દાજેરે,
તે બંધીખાને બીરાજેરે.
છબીલા શું તમને છાજેરે.
નિર્લજતે શાને લાજેરે,

પાવલીયારે પુંઠ થશે પસ્તાવો, નહી દેશો છેહ છોડાવો.
પ્રીતમજીરે પ્રીતે આપ પતાવો, દાસીના દાવો ચુકાવો—અવીનાસી–૮

હવે ભારત જનને ઠારોરે,
શાદ જેર કરો જનમારોરે,
નથી ઉગરવા આવારોરે,
આધાર રહ્યો એક તારોરે,

જગજીવનરે જગજીવન નો કહાવો, ગરૂડે ચડી વ્હેલા આવો,
સ્વામીજીરે સહિત સવારી લાવો, ભારતના તાપ સમાવો—અવીનાશી રે–૯

શ્રી.

ચાહની ગરબી.

હરિ ભજન વિના દુઃખ દરિયા સંસારનો પાર ન આવે.

એ રાગ પરથી ગરબી પડી

આ હિંદવાસી હડહડતી હત્યારી પેઠી હિંદમાં ટેક.
એ હેડીને વળી એઠી છે;
એ જેના ઘરમાં પેઠી છે;
તેને દશા રાહુની બેઠી છે.—આ હિંદવાશી   ૧

એ કાળી હિંદમાં આવી છે,
કેમ સૌનાં મનમાં ભાવી છે;
કેમ હિંદવાશીને કાવી છે.—આ હિંદવાશી   ૨

[illegible] મુગ્ધને મોહ્યા છે.
[illegible] ખાને રેલ્યા છે;
[illegible] છે.—આ હિંદવાશી   ૩

એ કાળા મુખની ફેર કરે,
એ હિંદનું દ્રવ્ય હમેશ હરે;
એની ચારી હિંદીઓ કેમ કરે.—ઓ હિંદવાસી ૪

એણે નાણા પહેલાં લીધાં છે,
પછી પગલાં ઘરમાં દીધાં છે;
ગાતર ભંગ સોના કીધાં છે.—ઓ હિંદવાસી ૫

એ એકલડી ક્યાં આવી છે,
ચતુરાની કેવી ચાવી છે;
મીસરીને સાથે લાવી છે.—ઓ હિંદવાસી ૬

એ મીસરી સઘળે મ્હાલે છે,
એ દિન દિન વધતી ફાલે છે;
એ રાંડ વિના ક્યાં ચાલે છે.—ઓ હિંદવાસી ૭

હાડમાંસ એમાં પણ આવે છે,
હિંદીના ધર્મ ડુબાવે છે;
વહાલામાં વેર કરાવે છે.—ઓ હિંદવાસી ૮

એણે શત્રુતા સૌથી બાંધી,
કીધી ઉલટી બહુ ઉપાધી;
વશીકર્ણ તણી વિદ્યા સાંધી.—ઓ હિંદવાસી ૯

પય સાથે પ્રીતી કીધી છે,

બદનામી એણે લીધી છે ;
કોણ કહેસે એ પણ સીધીછે.—ઓ હિંદવાસી ૧૦

એ વેર પુરવના વાળેછે.
કોમળ કાયાને બાળેછે ;
પુરૂષના વિર્ય પ્રજાળે છે.—ઓ હિંદવાસી ૧૧

હિર હિંદ તણું છે હરનારી,
એ રાંડા હિંદમાં ક્યારી;
એક ગોરીને બીજી કાળી—ઓહિંદવાસી. ૧૨

સુરાતન ખોયાં સુરતણાં
ઘાયલ કીધાં સુરવીર ઘણા;
ચવરાવ્યા લોહ તણાજ ચણા—ઓહિંદવાસી. ૧૩

રગ રગમાં સહુને વ્યાપીછે,
એણે જીવન દોરી કાપી છે;
શું લાલચ મોટી આપી છે—ઓહિંદવાસી ૧૪

એના યારી જેણે કીધીછે,
બદનામી તેણે લીધીછે;
તેણે ખુદ વારુણી પીધી છે—ઓહિંદવાસી ૧૫

અન ધન ઘરમાંથી ટાળ્યું છે,
બીજ વીર્ય તાણું પણ બાળ્યું છે,

અ ?ર થોડું શું વાળ્યું છે?—ઓહિંદવાસી ૧૬

એ કાળીને હિંદી કાળા,
મોહયા પરના જોઇને ચાળા;
તમે હિંદના વેરી કે વ્હાલા—ઓહિંદવાસી ૧૭

જે ચતુર ચાહેના યારી છે,
વેશ્યા જેવા વ્યભીચારી છે
વિત્ત વિર્ય તણી હરનારી છે—ઓહિંદવાસી ૧૮

સુંદર રુડાં એ આપે છે,
પરભાતે નિત સંતાપે છે;
કાળજડાં નિતે કાપે છે.—ઓ હિંદવાશી ૧૯

પાપણીએ પુર્ષાતનખોયાં
નરનારી નિર્બળ થઇ રોયાં,
આંશુડાં કોયે નહિ લોહ્યાં—ઓ હિંદવાશી ૨૦

ઘરમાં જો એ કદિ નવ હોયે,
ભીખ માગો પણ પિવિ જોયે;
મન વિચાર્યું નહિ પણ કોય.—ઓહિંદવાશી ૨૧

પરથમ એને ઉકાળે છે,
પાછળથી એ પરજાળે
જઠરાને મં

એણે ખુબ ઘટાડી ખોરાકી,
પાપણી એ પુરી છે પાકી,
શું રાખ્યું એ રાંડ બાકી.—એ હિંદવાસી ૨૩

છે ડગલે ડગલે દુકાનો;
કોને જોઇએ નહી પરવાનો,
નહી કર કોડીનો ભરવાનો—એ હિંદવાશી ૨૪

જેણે પ્યાલા એના પીધા છે,
તેનાં રુધીર ચુશી લીધાં છે,
કંઇ ભીખારી પણ કીધા છે.—ઓ હિંદવાશી ૨૫

હોટલ એના હારે હારે,
બુટ પહેરી બેસે તે દ્વારે,
પ્યાલા દઈ પીશે જન ત્યારે—ઓ હીંદવાસી–૨૬

ત્યાં વીપ્ર વણીક પણ આવે છે,
પ્યાલા ભરી ચાહે ઉડાવે છે,
પ્યાલા પરના કેમ ફાવે છે ઓ હિંદવાસી—૨૭

જે ધર્મતણું અભીમાન ધરે,
એની યારી કેમ કરે.
ધન હરે ઓ હિંદીવાસી—૨૮

તો પણ તે કોને સાલે છે,
ઘેલાં થઇ ઘરમાં ઘાલે છે—ઓહિંદવાસી— ૨૯

એ પાપણા ને નહી પરહરસે.
તજી ધર્મ અધર્મે ક્યાં ઠરસે;
પશુ પુંછ વિના જેવો ફરસે— ઓહિંદવાસી ૩૦

છતી આંખે આવ્યો અંધાપો
જીવનદોરી શાને કાપો;
બચ્ચાંને પણ એ નહિં આપો—ઓહિંદવાસી ૩૧

સમજુ અન્યો અન્ય સમજાવો,
નથી એમાં લેવાનો લાવો.
જગજીવન એ પર શું દાવો ઓ હીંદવાસી—૩૨



શ્રી

શ્રીયુત દેશમાન્ય તીલક મહારાજની

ખાસ કરેલની.

"પરમેશ્વરી પ્રીવિ કાઉન્સીલના"

અપીલ.

રચનાર તથા છપાવી પ્રગટ કરનાર

જગજીવનદાસ જેરામજી સોની

સંસ્થાપક

"સ્વદેશ હિતચિંતક" કંપની.—સુરત

મહીધરપુરા—જદાખાડી.

'અંકુશ' મુદ્રાલય—સુરત.

કીમત ૬ પાઈ

[illegible]

